નિવૃત્ત શિક્ષકોએ નગરનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્ય માસ્ટર્સ ઍથ્લેટિક્સ દ્વારા સિનિયર સિટિઝન્સ માટે ઉપલેટા ખાતે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરના નિવૃત્ત શિક્ષકોએ આ રમતોત્સવમાં ભાગ લઈ ઇનામો પ્રાપ્ત કર્યાં હતાં અને ગાંધીનગરનું નામ રાજ્યકક્ષાએ રોશન કર્યું હતું.

૭૦ વર્ષથી વધુ વયના જૂથમાં ઇન્દુમતિ નૌતમલાલ નિમાવતે ૧૦૦ મીટર દોડમાં સિલ્વર, ગોળા ફેંકમાં ગોલ્ડ અને ચક્ર ફેંકમાં બ્રોન્ઝ મેડલ, ૬૫ વર્ષથી વધુના વયજૂથમાં રવિભાઈ પટેલે વાંસકૂદમાં ગોલ્ડ, લંગડીફાળમાં ગોલ્ડ અને ઊંચી કૂદમાં સિલ્વર મેડલ, ૬૦ વર્ષથી વધુ વયના જૂથમાં ભાનુબેન ઠક્કરે ગોળાફેંક, ચક્રફેંકમાં બ્રોન્ઝ અને શારદાબેન પટેલે બરછીફેંકમાં સિલ્વર અને ગોળાફેંક તથા ચક્રફેંકમાં ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો.

આ તમામ વિજેતાઓને ગાંધીનગર માસ્ટર્સ ઍથ્લેટિક્સના પ્રમુખ દિનેશસિંહ ચાવડાએ બિરદાવી અભિનંદન સહ આગામી ફેબ્રુઆરી માસ દરમિયાન યોજાઈ રહેલી રાષ્ટ્ર કક્ષાની રમત સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી છે.

રાજ્ય રેડ ક્રૉસના સૌજન્યથી જિલ્લા રેડ ક્રૉસ દ્વારા

નર્સિંગ કૉલેજમાં થૅલેસેમિયા ટેસ્ટિંગ કૅમ્પ

ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, રાજ્ય શાખાના સહયોગથી ગાંધીનગર જિલ્લા રેડ ક્રૉસ દ્વારા થૅલેસેમિયા ટેસ્ટ કૅમ્પ સી ઍમ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ, સિવિલ હૉસ્પિટલ કૅમ્પસ ખાતે યોજવામાં આવ્યો હતો. ૧૧૪ વિદ્યાર્થીઓએ આ કૅમ્પમાં ભાગ લઈ ટેસ્ટિંગ કરાવ્યું હતું.

સ્ટેટ રેડ ક્રૉસ તરફથી ભાવેશભાઈ ચૌહાણ, પ્રવીણસિંહ ઝાલા, નર્સિંગ કૉલેજના આચાર્ય રાજેશભાઈ રાવલ, પ્રેમકુમાર, શોએબ ખોખર, ગુંજનબેન પંડ્યા તથા જિલ્લા રેડ ક્રૉસ તરફથી હિતેશભાઈ રાવલ, નિલેન્દુભાઈ વોરા, હાર્દિકભાઈ તલાટી, એમ એમ સોલંકી, ભૂપેન્દ્રભાઈ મહેતા, અશ્વિન દવે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને થૅલેસેમિયા અંગે જાગૃતિની પત્રિકાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરની બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા સતત ૧૯ વર્ષથી 'આયના' સાંસ્કૃતીક કાર્યક્રમનું ખુબજ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવી રહ્યુ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ કોલેજ તા.૨૮, ૨૯ ડીસેમ્બરના રોજ આ કાર્યક્રમ નું આયોજન કરી રહી છે. સંસ્થાનો સમગ્ર કાર્યક્રમ થીમ આધારિત છે. આ વર્ષની થીમ ''પર્યાવરણ દેવોભવ'' સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવી છે. જેને અનુરૂપ સમગ્ર કાર્યક્રમનું આયોજન થશે. આ વર્ષના સમગ્ર કાર્યક્રમ માટે ઓવર ઓલ ઈન્ચાર્જ ડો.જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપવા વ્યક્તિગત મળી તૈયાર કરવામાં આવી રહ્યા છે. એન્ટરપેન્યોર ફીયેસ્ટા એ ''આયના-મેગ્નેટ''ની સાથે નવા અભિગમ સાથે છેલ્લા ત્રણ વર્ષથી કોલેજ દ્વારા શરુ કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાથીઓ દ્વારા પોતે બનાવેલ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ ને કોલેજ સ્પર્ધાના ભાગ રૂપે ત્રણ દિવસ માર્કેટ ઉપલબ્ધ કરશે. અને યોગ્યતાને આધારે વિદ્યાર્થીઓને તેમાં ક્રમ આપવામાં આવશે. જેને વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે.

જન્મદિને વધામણી

સુર્યાબેન
સુરેશભાઈ પ્રજાપતિ
મો. ૯૨૭૪૮ ૬૦૮૬૦

હિતાર્થ
વિપુલકુમાર દરજી
મો. ૯૭૨૩૬ ૨૩૧૪૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

સિદ્ધાર્થ લૉ કૉલેજ ખાતે બંધારણ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૭

ડૉ. બી આર આંબેડકર ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર ખાતે બંધારણ દિવસની ઉજવણી નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના સહયોગથી કરવામાં આવી હતી.

આ અંગેની વિગતો આપતાં આચાર્ય ડૉ. દિલીપ મેવાડા જણાવે છે કે આ પ્રસંગે ડૉ. બી આર આંબેડકર ઍજ્યુકેશન સોસાયટી ટ્રસ્ટના પ્રમુખ ઘનશ્યામભાઈ અમીન, કૉલેજ સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય બંધારણ, તેની રચના અને મહત્ત્વ વિશે વિશદ માહિતીનો પ્રસાર આ પ્રસંગે કરવામાં આવ્યો હતો.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા 'બંધારણ દિવસ'ની અનોખી ઉજવણી

તા. ૨૬ નવેમ્બર એ ભારત ના ઈતિહાસમાં 'બંધારણ દિવસ' નિમિત્તે ઓળખાય છે કેમ કે એ દિવસે વર્ષ ૧૯૪૯ના રોજ ભારતની બંધારણ સભાએ ભારતનું બંધારણ અપનાવ્યું હતું. આ અભૂતપૂર્વ દિવસ નિમિત્તે સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ ભારતનું બંધારણ શું છે, એમાં શું જોગવાઈઓ કરેલી છે, તેનું મહત્ત્વ શું છે તે વિદ્યાર્થીઓને જણાવવા વિશેષ ઉજવણીનું આયોજન કર્યું હતું. શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય, અડાલજ શાળામાંથી ધોરણ ૧૦ના ૧૩૮ વિદ્યાર્થીઓ અને ૦૪ શિક્ષકો આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા. યુનિવર્સિટીના એકેડેમિક ડિરેક્ટર ડો. ડી.જે.શાહ, ડીન ઓફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન પ્રોફેસર હેમંત વાલા તથા રજિસ્ટ્રાર ડો. ઉપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆતમાં યુનિવર્સિટી એકેડેમિક ડિરેક્ટર ડો. ડી.જે.શાહે વિદ્યાર્થીઓ જોડે બંધારણ દિવસ નિમિતે ચર્ચા કરી હતી. શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય, અડાલજ શાળા ના વિદ્યાર્થીઓ એ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટી ની અલગ અલગ શાખાઓ અને વિભાગો જેમ કે ડિઝાઈન સ્ટુડિયો, એન્જિનિરીંગના મિકેનિકલ, ઓટો, સિવિલ, ઈલેક્ટ્રિકલ, કેમિકલ, કમ્પ્યુટર વિગેરે ડીપાર્ટમેન્ટ ની અત્યાધુનિક લેબ્સ અને વર્કશોપ્સની મુલાકાત કરી હતી. યુનિવર્સિટીના અધ્યાપકોએ જરૂરી બેઝિક તકનીકી જાણકારી વિદ્યાર્થીઓને આપી હતી. યુનિવર્સિટીના ઈસ્ટિટ્યૂટ ઓફ બિઝનેસના અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ ગેમ્સ નું આયોજન કરાયું હતું અને તેમને ટીમ વર્કમાં અલગ અલગ મનોરંજન આપતી ગેમ્સ રમાડી હતી.

'કૅટ'નું પેપર વિદ્યાર્થીઓને સરળ લાગ્યું

ગાંધીનગર, તા. ૨૭

દેશની ૨૦ આઈઆઈએમ સહિત નામાંકિત મેનેજમેન્ટ સંસ્થાઓમાં પ્રવેશ માટે કેટ એટલે કે કોમન એડમિશન ટેસ્ટ લેવામાં આવી હતી. આ પરીક્ષામાં કુલ ૨.૪૪ લાખ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહેવા માટે દરખાસ્ત કરી હતી. આ પરીક્ષામાં અંદાજે ૨ લાખથી વધારે વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોટાભાગના વિદ્યાર્થીઓને આ પરીક્ષા એકંદરે સરળ લાગી હતી. જોકે, કેટલાક વિદ્યાર્થીઓને મેથેમેટિક્સના પ્રશ્નો અઘરા લાગ્યા હતા. આગામી તા.૫ કે ૬ જૂને આ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવશે. કોમન એડમિશન ટેસ્ટ (કેટ) દેશના ૧૫૬ શહેરોના ૩૭૬ સેન્ટરો પરથી લેવામાં આવી હતી. ચાલુ વર્ષે આ પરીક્ષાનું સંચાલન કોઝીકોડ આઈઆઈએમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા કુલ બે સેશનમાં લેવામાં આવી હતી. જેમાં સવારે ૯થી ૧૨ અને બપોરે ૨-૩૦થી ૫-૩૦ દરમિયાન પરીક્ષા લેવામાં આવી હતી. પરીક્ષાના પહેલા સેશનમાં વર્બલ એબિલિટી અને રીડિંગ કોમ્પ્રિહેન્શન સેક્શનમાં કુલ ૩૪ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. ત્યારબાદ ડાટા ઈન્ટરપ્રિટેશન એન્ડ લોજિકના કુલ ૩૨ પ્રશ્નો અને છેલ્લા ક્વોન્ટિટેટિવ એબિલિટીના કુલ ૩૪ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

ગણપત યુનિવર્સિટી ખાતે ફૅકલ્ટી ડેવલપમૅન્ટ પ્રોગ્રામ

ગાંધીનગર, તા. ૨૭

ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કૉલેજ - ઍસ કે પટેલ કૉલેજ ઑફ ફાર્માસ્યુટિકલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ દ્વારા બે સપ્તાહના 'ફૅકલ્ટી ડેવલપમૅન્ટ પ્રોગ્રામ'નો તાજેતરમાં આરંભ કરવામાં આવ્યો છે.

ગુજરાતની પ્રથમ ફાર્મસી કૉલેજ ઍલ ઍમ કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદના પૂર્વ પ્રાધ્યાપક-પ્રિન્સિપાલ ડૉ. પ્રો. સી જે શિશુની વિશેષ ઉપસ્થિતિમાં શરૂ થયેલા આ ફૅકલ્ટી ડેવલપમૅન્ટ પ્રોગ્રામ માટે ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટૅકનીકલ ઍજ્યુકેશન દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે, જેમાં ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને પશ્ચિમ બંગાળની ફાર્મસી યુનિવર્સિટીઝ અને કૉલેજીસના પ્રાધ્યાપકો ભાગ લઈ રહ્યા છે. બે સપ્તાહ દરમિયાન યોજાનારાં વિવિધ જ્ઞાનસત્રો માટે ગુજરાતની પ્રતિષ્ઠિત ફાર્મસી કૉલેજીસ અને ફાર્મા કંપનીઝમાંથી ૨૫થી વધારે નિષ્ણાતોની સેવાઓ લેવામાં આવી રહી છે.

ડૉ. શિશુએ ભારત, અમેરિકા અને વિશ્વનાં અનેક દેશોમાં કુદરતી ઔષધિઓમાંથી બનતી આધુનિક દવાઓ અને ફાર્મા ક્ષેત્રની ગઈકાલ તથા આજની સ્થિતિ વિશે ખૂબ મહત્ત્વનું અને ઉપયોગી જ્ઞાન પિરસ્યું હતું.

ઉદ્ઘાટન સમારોહમાં ગણપત યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર અને ફાર્મસી ફૅકલ્ટીના ડીન પ્રો. ડૉ. આર કે પટેલ અને ડૉ. નિરંજના પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાતી શોકોર્મિકવિતાનો દૃષ્ટિસંપન્ન સંશોધન પ્રબંધ



પુસ્તક પરિચય
નટવર હેડાઉ
vanviharl@gmail.com

માનવીય અનુભૂતિનું વિશ્વ અતિ સંકુલ, વ્યાપક અને ગહન હોય છે. દરેક પ્રજા પોતાના નવા અનુભવવિશ્વનું અવતરણ પોતાના કલા સર્જનમાં કરે છે. એ રીતે સાહિત્યનાં વિવિધ સ્વરૂપોમાં માનવીય અનુભૂતિઓ રસાવહરૂપ લઈને તેનું પ્રગટીકરણ પામે છે.

અર્વાચીન ગુજરાતી કવિતામાં વિષય નિરૂપણ અને કાવ્ય સ્વરૂપોની દૃષ્ટિએ નોંધપાત્ર વૈવિધ્ય છે. સર્વ પ્રકારના રસનું નિરૂપણ કરતી સમૃદ્ધ કવિતા ગુજરાતી કાવ્ય-સાહિત્યમાં મળી આવે છે. વળી એ કવિતા એક કરતાં વધારે સ્વરૂપોમાં પ્રગટ થયેલી જોવા મળે છે. આ રીતે અર્વાચીન ગુજરાતી કવિતા વિશિષ્ટ અભ્યાસ માટેના સમૃદ્ધ આયામો પૂરા પાડે છે. એમાંનો એક આયામ શોકોર્મિકવિતાનો છે, જેને મહાનિબંધ માટેના વિષય તરીકે પસંદ કરી દક્ષતાપૂર્વક જે પુસ્તકમાં રજૂ થયો છે, તેની વાત કરવી છે.

અર્વાચીન ગુજરાતી 'શોકોર્મિકવિતા' ડૉ. વિરંચિ ત્રિવેદીના મહાનિબંધનો વિષય બની અભ્યાસપૂર્ણ અને વિવેચનાત્મક રીતે વિદ્વતાપૂર્ણ અભ્યાસ વિષય અને અભિવ્યક્તિ ઉભયને સમગ્ર રીતે ચર્ચવા અને મૂલવવાના અભિનંદનીય પ્રયાસને પ્રસ્તુત કરતું દળદાર પુસ્તક છે.

આ ગ્રંથનાં પાંચ પ્રકરણો છે, જેની વાત ડૉ. સુભાષ દવેએ 'સૌમ્ય દૃષ્ટિસંપન્ન સંશોધન પ્રબંધ' શિર્ષકથી કરી છે. આરંભે પ્રકરણ એકમાં પૂર્વ-સૂરિઓની ઉપલબ્ધ વિચારણાઓ-ચર્ચાઓ સમુચિત અભ્યાસ પ્રસ્તુત કરીને લેખકે પૂર્વ પીઠીકા બાંધી છે. પ્રકરણ-૨માં ગુજરાતી શોકોર્મિકવિતાનાં વિભિન્ન ઘટકો ઉપસાવી ઊર્મિ કવિતાના વિવિધ પ્રકારોથી એની વ્યાવર્તકતા ઉપસાવવાનો પ્રયત્ન થયો છે. જેમાં સ્મૃતિલેખ, રાજિયા-મરશિયા, ગોપકાવ્ય, ઓડ, પવાડો અને કરૂણ પ્રશસ્તિ જેવો વિરહોર્મિ કવિતાનો અખિલ પરિવાર અહીં સ્પર્શાયો છે. પ્રકરણ-૩ શોકોર્મિકવિતામાં વિષય વૈવિધ્ય દર્શાવે છે. અહીં કવિતાધારામાં આલેખ્ય વિષય વૈવિધ્યની તપાસ હાથ ધરવામાં આવી છે. આત્મલક્ષી શોકોર્મિ-કવિતાને ધારામાં સુખદુઃખની ભાવ્યછાયાઓ રંગ પલટા રચીને કલાવૈવિધ્યનાં કેવાં શિખર સર કરે છે. તેના આસ્વાદ્ય અર્થઘટન છે. જ્યારે પ્રકરણ-૪માં શોકોર્મિ-કવિતામાં ભાષાકર્મની વાત કરતાં લેખકે કૃતિગત સંવિધાનના વિષયો અને મર્યાદાઓની છણાવટ કરી છે. આની સદૃષ્ટાંત ચર્ચા થઈ હોવાથી પ્રત્યક્ષ સમીક્ષાનું ઉદાહરણ પણ પ્રસ્તુત પ્રબંધ પૂરું પાડે છે. પ્રકરણ-૫માં શોકોર્મિકવિતાની વિશેષતા અને મર્યાદા દર્શાવે છે, જેમાં કૃતિ અંગે ગુણદોષની ચર્ચાનું તારણ આપતાં ડૉ. ત્રિવેદી નોંધે છે કે 'કાવ્ય તત્ત્વની વિનિયોગમાં ક્યાંક ન્યૂનતા, અનૌચિત્ય પ્રવેશ્યાં જ છે. શોકોર્મિ-કવિતાની અર્વાચીન ધારામાં ભાવાભિવ્યક્તિમાં અતિશયોક્તિ ભર્યા ઉદ્ગારો રસવિઘ્ન રચે છે અને વ્યર્થ વાણીવિલાસ અપેક્ષિત લાઘવગુણથી કૃતિને વિમુખ બનાવતાં દૃષ્ટાંતો એકાધિક મળે છે.' પ્રબંધના ઉપસંહારમાં એકમાંથી અનેક અને અનેકમાંથી એકનું લક્ષ્ય તાકતી, સામ્ય-વૈષમ્ય દાખવતી અને વિશેષતા-મર્યાદા ધરાવતી ગુજરાતી શોકોર્મિકવિતા એક નિરાળું કાવ્યસ્વરૂપ છે. જેના પ્રકાર-સ્વરૂપની લભણ માંડણી અને તેની આસ્વાદ-અર્થઘટન અને સમીક્ષામૂલક છણાવટો પ્રસ્તુત પ્રબંધની અનેરી ઉપલબ્ધિઓ છે, જેની વાત પ્રાવેશિકમાં ડૉ. હર્ષદ ત્રિવેદી 'પ્રાસન્નેય' કરે છે અને લખે છે કે 'ભાઈ વિરંચીએ શોકોર્મિ કવિતામાં ભાષાકર્મ, છંદ તથા લયના વૈવિધ્યની ચર્ચા કરી છે અને તેના વિષય તેમજ અભિવ્યક્તિ ઉભયને સમગ્રપણે ચર્ચવાનો અને મૂલવવાનો અભિનંદનીય પ્રયત્ન કર્યો છે.' આ શોધપ્રબંધની સત્યશીલતા અકબંધ રાખી, પ્રકાશન સુધીની માવજત આપવામાં પ્રા. સતીશ ડણાક હરહંમેશ તત્પર રહ્યા છે, તે વાતનો સ્વીકાર લેખકે પ્રાકકથનમાં કર્યો છે. આ ગ્રંથમાં પરિશિષ્ટ-૧થી ૩માં (૧) કવિ અને કાવ્યસંગ્રહ સૂચિ-૧૭૮, (૨) સંપાદનસૂચિ-૧૮૧ અને (૩) સંદર્ભગ્રંથ સૂચિ-૧૮૨ની યાદી મળે છે. જે અભ્યાસુઓ માટે ઉપયોગી નીવડે છે.

અર્વાચીન ગુજરાતી શોકોર્મિકવિતા પુસ્તકના લેખક ડૉ. વિરંચિ ત્રિવેદીએ ૧૦ કાવ્યસંગ્રહ, ૧૦ સંપાદનોનાં પુસ્તકો અને 'વિરલ ત્રિપુટી' બાળનાટક તેમજ શિક્ષણ અંગેનાં બે અને આસ્વાદનું એક પુસ્તક આપ્યું છે. લેખકને તેમના અભ્યાસપૂર્ણ પ્રબંધના આ પુસ્તક બદલ અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

અર્વાચીન ગુજરાતી શોકોર્મિકવિતા
લેખક : ડૉ. વિરંચિ ત્રિવેદી
પ્રકાશક : આદર્શ પ્રકાશન, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૭, કિંમત : રૂા. ૨૦૦/-